ૐ

॥ नमः श्रीसद्गुरुपरमात्मने ॥

ઈંચોળી સુતાર અને તેમનું કર્તવ્ય.

રચનાર,

ચુનીલાલ ખીમચંદ મારફતિયા.

મુ. સુરત.

સર્વ ગૃહસ્થોને વિના મૂલ્યે આપવાની ઇચ્છા ધરાવી

પ્રકટ કરનાર,

મુકુંદભાઈ નાગરદાસ.

મુ. વ્યારા.

પ્રથમાવૃત્તિ, પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૯. ખ્રિસ્તાબ્દ ૧૯૧૩.

અમદાવાદ

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

વિના મૂલ્યે.

પ્રસ્તાવના.

જેમ સાકર ખાધા વિના એકલી સાકર સાકર એમ બે બોલવાથી મોં ગળ્યું થતું નથી, કોઇ પણ ગામે પહોંચવા માટે ચાલ્યા વિના ગામે પહોંચાતું નથી અને એક પછી એક ચોપડી ભણ્યા સિવાય કોઇ પણ પ્રકારની વિદ્યા પ્રાપ્ત થતી નથી, તેજ પ્રમાણે તન મન અને ધનનો ભોગ આપ્યા સિવાય જ્ઞાતિનું ભલું થતું નથી. આ પુસ્તકમાં જ્ઞાતિપ્રતિ શેઠોની શી ફરજો છે તે બતાવી છે તથા જ્ઞાતિબંધુઓને સામાન્ય ઉપદેશ કર્યો છે સ્ત્રીઓ માટે પણ સામાન્ય ઉપદેશ કર્યો છે. હું ધારું છું કે જ્ઞાતિબંધુઓ આમાંથી હંસની પેઠે સાર ગ્રહણ કરશે. આ પુસ્તક પ્રકટ કરવામાટે વ્યારાના રહીશ શ્રીમાન્ મુકુંદભાઇ નાગરદાસે પોતાના દ્રવ્યનો સદ્વ્યય કર્યો છે તે માટે તે ગૃહસ્થનો ઉપકાર માનવામાં આવે છે. નિષિદ્ધ માર્ગમાં દ્રવ્યનો ખોટો ઉપયોગ કર્યા કરતાં પોતાની જ્ઞાતિનું ભલું થાય એવાં પુસ્તકો તૈયાર કરાવરાવી તે પુસ્તકો જ્ઞાતિહીત માટે પ્રકટ કરાવવાં એ ઓછા પુણ્યની વાત નથી. આ ગૃહસ્થે પોતાના દ્રવ્યનો વ્યય આવા શ્રેષ્ઠતમ માર્ગમાં કર્યો છે અને આ પુસ્તકની કંઇ પણ કીંમત ન રાખતાં સર્વેને વિના મૂલ્યે આપવાનો વિચાર જણાવ્યો છે તે સ્તુતિપાત્ર છે. આપણી જ્ઞાતિના અન્ય સજ્જનો આ સજ્જન ગૃહસ્થનું અનુકરણ કરશે એવી આશા રાખું છું.

ચુનીલાલ ખીમચંદ મારફતિયા.
બરાનપુરી ભાગોળ—સુરત.

ॐ

॥ नमः श्रीसद्गुरुपरमात्मने ॥

પંચોલી સુતાર અને તેમનું કર્તવ્ય.

ગ્રન્થપ્રયોજન.

દોહરો.

પંચોલી સુતારનું, થાય જેથી કલ્યાણ;
દર્શાવ્યો છે પ્રેમનો, વિચારરૂપી ભાણ.

આ લેખ શું કરશે ?

હરિગીત.

પંચાલ જ્ઞાતિના કુધારા, હશે તેજ છોડાવશે,
જે ઐક્ય તુટયું આપણું તે ઐક્ય સઉ જોડાવશે.

જ્ઞાતિજનોના હિતના, પૂરા પ્રયત્ન ચલાવશે,
સદ્‌વિચારો પૂર્ણ પ્રકટાવીને, બકવાદ દૂર હઠાવશે.

જ્ઞાતિજનોના બાળકોની, બુદ્ધિને ખીલાવશે,
નિજ ધર્મના શુભ કર્મના, સિદ્ધાંતને સમજાવશે.

સદ્‌બોધ આમ કરાવીને, સદ્‌ધર્મ પંથ વળાવશે,
સુતારની જ્ઞાતિ મહીં, આ લેખ પંકાતો થશે.

આપણી પંચોલી સુતારની ઉત્પત્તિ અને આપણા ધંધા સંબંધી ટુંકુ વિવેચન.

પંચોલી સુતારની ઉત્પત્તિ કેવી રીતે થઇ તે દરેક પંચોલી સુતારે જાણવાની જરૂર છે. માટે કોઇ વિદ્વાન સજ્જનદ્વારાએ આપણી જ્ઞાતિની ઉત્પત્તિની માહિતી જાણી લેવી. પરંતુ આપણી ઉત્પત્તિ જાણીનેજ પંચોલી સુતાર બંધુઓએ બેસી રહેવાનું નથી. સુતાર બંધુઓ ! તમે તમારી ઉત્પત્તિ ગમે તે રીતે માની લ્યો પરંતુ જ્યાં સુધી પોતે જે જ્ઞાતિમાં જન્મ ધારણ કરીને પોતાના શ્રેય માટે કોઇ પણ પ્રકારનું શુભ કાર્ય ન કરો ત્યાં સુધી તે જ્ઞાતિમાં જન્મ ધારણ કર્યો તે ન કર્યા બરોબર છે. તમે ગમે તે જાતીના હો પરંતુ જન્મ ધારણ કર્યા પછી તમારૂં તમારી જ્ઞાતિપ્રતિ, તમારા બાંધવોપ્રતિ, તમારી પતિપ્રતિ, તમારા માતપિતાપ્રતિ, તમારા પુત્રપુત્રિપ્રતિ અને અન્ય જ્ઞાતિબંધુઓપ્રતિ તમારૂં શું કર્તવ્ય છે તેનું તમારે કોઇપણ દિવસ વિસ્મરણ ન કરવું જોઇએ. તમે જે ધંધો કરતા હો તે ધંધામાં તમારે નિષ્ણાત થવું જોઇએ. સુતારનો ધંધો ઘર બાંધવા વિગેરેનો હોય છે માટે ઘર બાંધવું વિગેરેની શાસ્ત્રીય માહિતી તમને હોવી જોઇએ. જો તેની તમને શાસ્ત્રીય માહિતી લગાર પણ ન હોય તો ઘરની ભૂમિની પરીક્ષા કેવી રીતે કરવી તથા તેની પરીક્ષા કર્યા પછી ઘરની રચના કેવી રીતે કરવી તેનું દિગ્દર્શન કરાય છે તે તરફ દૃષ્ટિ કરશોઃ-

જ્યારે કોઇ માણસને નવું ઘર બંધાવવું હોય અને તે માટે જ્યારે તે માણસ તમારી પાસે તમારી સલાહ લેવા આવે ત્યારે તમારે લોભને વશ થઇ તમને અનુકૂળ લાગે તેવા બીજા માસ ન બતાવતાં

વૈશાખ, શ્રાવણ, માર્ગશીર્ષ અને ફાલ્ગુન એ માસ બતાવવા જોઇએ. કારણ કે આ ચારમાંના ગમે તે માસમાં નવું ઘર બાંધવાનો આરંભ કરવાથી નવું ઘર બંધાવનાર હરેક પ્રકારે સુખી થાય છે. બીજા માસમાં ઘર બંધાવનાર ન્યુનાધિકપણે દરેક પ્રકારે દુ:ખી થાય છે.

જ્યારે પૂર્વ અથવા પશ્ચિમ દિશા સંમુખ ઘર કરવું હોય ત્યારે કર્ક, સિંહ, મકર અને કુંભ એ ચાર રાશીમાંની ગમે તે એક રાશીમાં સૂર્યની સ્થિતિ તપાસવી. જ્યારે ઉત્તર અથવા દક્ષિણ દિશા સંમુખ ઘર કરવું હોય ત્યારે મેષ, વૃષભ, તુલા અને વૃશ્ચિક એ ચારમાંની કોઇપણ રાશીમાં સૂર્યની સ્થિતિ તપાસવી. મિથુન, કન્યા, ધન અને મીન એ ચારમાંની કોઇપણ રાશી નવું ઘર કરવાના કામમાં આવતી નથી, માટે એ ચારમાંની કોઇપણ રાશીમાં સૂર્ય હોય ત્યારે નવું ઘર કરવાનો સંકલ્પ પણ નજ કરજો.

ચૈત્રમાં નવું ઘર બાંધવાથી શોકનો અનુભવ થાય છે, વૈશાખમાં નવું ઘર બાંધવાથી ધાન્યની વૃદ્ધિ થાય છે, જેઠ માસમાં નવું ઘર બાંધવાથી ઘર બંધાવનારનું મરણ થાય છે, આષાઢ માસમાં નવું ઘર બાંધવાથી ઘરધણીના પશુઓનો નાશ થાય છે, શ્રાવણ માસમાં નવું ઘર બાંધવાથી દ્રવ્યની વૃદ્ધિ થાય છે, ભાદ્રપદ માસમાં નવું ઘર બાંધવાથી કુટુંબનો વિનાશ થાય છે, આશો માસમાં નવું ઘર બાંધવાથી પાડોશી તથા બીજાઓ સાથે કલહ ઉત્પન્ન થાય છે, કાર્તિક માસમાં નવું ઘર બાંધવાથી નોકરોનો નાશ થાય છે, માર્ગશીર્ષમાં નવું ઘર બાંધવાથી ધનની વૃદ્ધિ થાય છે, પોષ માસમાં નવું ઘર બાંધવાથી સ્ત્રીની પ્રાપ્તિ થાય છે, માહા માસમાં નવું ઘર બાંધવાથી અગ્નિનો ભય રહે છે અને ફાગણ માસમાં નવું ઘર બાંધવાથી લક્ષ્મીની અનાયાસે પ્રાપ્તિ થાય છે એમ શિલ્પજનો કહે છે.

પુષ્ય, હસ્ત, સ્વાતિ, વિશાખા, જ્યેષ્ઠા, શત તારકા, રોહિણી, ઉત્તરા, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા, મૃગ, ચિત્રા, અનુરાધા અને રેવતી એટલા નક્ષત્રમાંનું કોઇપણ નક્ષત્ર હોય ત્યારે ઘરનું પ્રથમ સુત્ર (પેહેલી આંકણી) માંડવું એમ વિદ્વાનો કહે છે.

આય (ઘરની લંબાઇનો અને પોહોળાઇનો ગુણાકાર કરી આવેલી સંખ્યાને આઠે ભાગવું, અને એમ આઠે ભાગતાં જે શેષ રહે તે આય કહેવાય છે. આવી આય ધ્વજ આદિ આઠ પ્રકારથી ઓળખાય છે) જેટલા અથવા તો આયથી વધારે વ્યયને અને પોતાના ધણીની સાથે મળતા નામને ધારણ કરનારૂં, યમના અંશમાં આવેલું, તથા પ્રતિકૂળ માસ, પ્રતિકૂળ નક્ષત્ર અને પ્રતિકૂળ વાર ઉપર બંધાવેલું એવા ઘરનો વિવેકીએ ત્યાગ કરવો.

ઘરની લંબાઇ પહોળાઇની સંખ્યાનો ગુણાકાર કરી આવેલી સંખ્યાને આઠે ભાગતાં એક શેષ રહે તો તેને ધ્વજ, બે રહે તો ધમ, ત્રણ રહે તો સિંહ, ચાર રહે તો શ્વાન, પાંચ રહેતો વૃષભ, છ રહે તો ગર્દભ, સાત રહે તો ગજ અને કંઇ ન રહે તો કાક એ પ્રમાણે આઠ જાતના આયની પૂર્વદિશાથી આરંભી આઠ દિશાનો સુમાર બાંધવો.

ધ્વજઆય, ગજઆય અને સિંહઆય એ ત્રણ પોતપોતાના સ્થાનમાં શ્રેષ્ઠ જાણવા. ધ્વજ સર્વ જગ્યાએ આપવો પણ વૃષભ પોતાના સ્થાનકથી બીજે ઠેકાણે ન આપવો.

વૃષભ, સિંહ અને ગજ એ ત્રણ આય ખેટ (ગામડું) ખર્વટ (ડુંગરની તળાટીએ આવેલું ગામડું) તથા કોટ એ ત્રણમાં આપવા. ગજ નામનું આય વાવ, કુવો અને તળાવ એમાં આપવો.

આસન અને આયુધ (હથિયાર) એ બેમાં સિંહ આય, શય-

નમાં.ગજ આય, ભોજનપાત્રમાં વૃષભ નામનો આય અને છત્ર આદિમાં ધ્વજ નામનો આય આપવો.

ધૂમ નામનો આય પાકસ્થાનમાં તથા અગ્નિ ઉપર પોતાની આજીવિકા ચલાવનાર લુહાર પ્રમુખને ઘેર આપવો. મ્લેચ્છ વિગેરે જાતિમાં શ્વાન નામનો આય આપવો.

વેશ્યાને ઘેર ગર્દભ નામનો આય આપવો, ઝુંપડા માટે કાક આય, તથા દેવમંદિર અને રાજ મેહેલ તેમજ નગરનાં ઘરો એમને માટે વૃષ, સિંહ તથા ગજ નામના આય આપવા.

લંબાઇનો અને પોહોળાઇનો ગુણાકાર કરવાથી જે સંખ્યા આવે તે સંખ્યા ઉપરથી વિદ્વાનોએ ઘરની મૂળ રાશી જાણવી.

આ પ્રમાણે મૂળ રાશી આવે તેને આઠે ગુણવું અને સત્તાવિશે ભાગવું અને પછી જે શેષ રહે તે ઘરનું નક્ષત્ર જાણવું. આ નક્ષત્રની સંખ્યાને આઠે ભાગવાથી જે વધે તે ઘરના વિષયમાં વ્યય સમજવો. આ વ્યય પૈશાચ, રાક્ષસ અને યક્ષ એમ ત્રણ પ્રકારનો છે.

વ્યય જ્યારે આયના જેટલો આવે ત્યારે તે પૈશાચ, આય કરતાં વધારે આવે તો રાક્ષસ અને આય કરતાં ઓછો આવે તો તે યક્ષ કહેવાય છે. આ ત્રણમાં યક્ષ નામનો વ્યય શ્રેષ્ઠ જાણવો.

હવે વ્યયના આઠ પ્રકાર છે તે નીચે પ્રમાણે જણાય છે.

ઉપર જણાવ્યા પ્રમાણે નક્ષત્રની સંખ્યાને આઠે ભાગતાં એક વધે તો શાંત, બે વધે તો પૌર, ત્રણ વધે તો ઉદ્યોત, ચાર વધે તો શ્રેયાનંદ, પાંચ વધે તો મનોહર, છ વધે તો શ્રીવત્સ, સાત વધે તો વિભવ અને કંઇપણ ન વધે તો ચિંત્ય નામે વ્યય સમજવો.

મૂળ રાશિમાં ઘરના નામના અક્ષરની અને વ્યયની સંખ્યા ઉમેરવી. ત્યાર પછી તેને ત્રણે ભાગતાં જે વધે તે અંશ સમજવો.

એક વધે તો ઇંદ્રનો અંશ, બે વધે તો યમનો, અને કંઇ પણ ન વધે તો રાજાનો અંશ સમજવો.

ઘરધણીના નક્ષત્રની અને ઘરના નક્ષત્રની સંખ્યા એકત્ર કરીને તેને નવે ભાગતાં જે વધે તે તારા કહેવાય છે. તે તારાનાં નામ આ પ્રમાણે છે.

નવે ભાગતાં એક વધે તો જન્મ, બે વધે તો સંપત્, ત્રણ વધે તો વિપદ્, ચાર વધે તો ક્ષેમ, પાંચ વધે તો પ્રત્યરિ, છ વધે તો સાધની, સાત વધે તો નૈધની, આઠ વધેતો મૈત્રિકા અને કંઇ પણ ન વધે તો પરમમૈત્રિકા નામની તારા સમજવી.

આ નવ તારામાંથી ચોથી, છઠ્ઠી અને નવમી તારા શ્રેષ્ઠ સમજવી; ત્રીજી, પાંચમી, અને સાતમી અધમ અને બાકીની મધ્યમ સમજવી.

૧ ધ્રુવ, (સ્થિરતા રાખનારૂં) ૨ ધન્ય, (યશ દેનારૂં) ૩ જય, (જય આપનારૂં) ૪ નન્દ, (આનંદ આપનારૂં) ૫ ખર, (સ્નેહ તોડનારૂં) ૬ કાન્ત, (સુંદરતા ઉપજાવનારૂં) ૭ મનોરમ, (મનને પ્રીતિ ઉપજાવનારૂં) ૮ સુમુખ, (સારા મુખનું) ૯ દુર્મુખ, (ખરાબ મુખનું) ૧૦ ક્રૂર, (ભય ઉપજાવનારૂં) ૧૧ સુપક્ષ, (પરિવારને વધારનારૂં) ૧૨ ધનદ, (ધન દેનારૂં) ૧૩ ક્ષય (નાશ કરકરનારૂં,) ૧૪ આક્રન્દ, (શોક ઉપજાવનારૂં) ૧૫ વિપુલ, (વૃદ્ધિ કરનારૂં) અને ૧૬ વિજય (ઘણો જય આપનારૂં) એવા નામથી ઘરના ૧૬ ભેદ છે.

નવું ઘર તૈયાર કરવું હોય ત્યારે ઘરમાં પૂર્વ દિશાએ લક્ષ્મીનું સ્થાનક કરવું, અગ્નિકોણે રસોડું કરવું, દક્ષિણ દિશાએ સુવાનું કરવું, નૈઋત્ય કોણમાં હથિયાર વિગેરે રાખવાનું કરવું, પશ્ચિમ દિશાએ ભો-

જન કરવાનું કરવું, વાયવ્ય ખુણામાં ધાન્ય સંગ્રહ કરવાનું કરવું, ઉત્તર દિશાએ જળનું અને ઇશાન કોણમાં દેવનું સ્થાનક કરવું.

જે દિશાએ ઘરનું દ્વાર હોય તેજ પૂર્વ દિશા સમજવી અને તે પ્રમાણે બીજી દિશાનો સુમાર બાંધવો. પરંતુ જે દિશાએ સૂર્ય ઉગે છે તે પૂર્વ દિશા અહીં ન સમજવી.

ઘરમાં આય જેવો હોવો જોઇએ તેવો ન હોય તો સુખ ન થાય, તથા ૬–આઠ હોય તો મરણ, બીઆબારૂં હોય તો ધનનો ક્ષય અને ત્રણ–પાંચ તથા ત્રણ–નવ હોય તો પુત્રનો નાશ થાય.

ઘરમાં યમનો અંશ હોય તો ઘરધણીનું મરણ થાય, સાતમી તારા હોય તોપણ મરણ થાય, પાંચમી તારા હોય તો ઘર ધણીનું તેજ જાય, ત્રીજી તારા હોય તો વિપત્તિ આવી પડે.

ઘરનાં ઉપરનાં અથવા નીચેનાં પાટિયાં જો ઓછાં અથવા અધિક હોય તો તુલાવેધ કહેવાય છે. એક ખંડમાં જો પાટિયાં ઉંચાં નીચાં હોય તો તાલુવેધ કહેવાય, ઘરની જમીન ઉંચી નીચી હોય તો તલવેધ કહેવાય, અને એકજ ઘોડો સંમુખ હોય તો દ્વારવેધ કહેવાય, પણ બે ઘોડા સંમુખ હોય તો દ્વારવેધ ન કહેવાય.

વાસ્તુ (ઘરની ભૂમિ) ની છાતી, મસ્તક, નાભી અને બે સ્તન એ પાંચ ઘરનાં મર્મસ્થાન કહેવાય છે, માટે એ પાંચ સ્થાનમાં થાંભલા વિગેરે ન રાખવાં.

થાંભલો, કુવો, વૃક્ષ, ખૂણો તથા માર્ગ ઘરનાં દ્વારની વચ્ચે આવે તો તે દ્વારવેધ કહેવાય છે, તે સારો નથી પણ ઘરની ભૂમિથી બમણી ભૂમિ છોડીને ઉપર જણાવેલી વસ્તુ હોય તો તે દ્વારવેધ ન કહેવાય.

પહેલો તથા છેલ્લો પહોર છોડી બીજા તથા ત્રીજા પહોરની

વૃક્ષની અથવા ધ્વજાની છાયા ઘર ઉપર પડતી હોય તો તે સદાએ દુઃખ દેનાર જાણવી.

ઘરના દ્વાર આગળ વિશ્વકર્માની પૂઠ, ચંડીની મહાદેવની તથા સૂર્યની દૃષ્ટિ, વાસુદેવનો ડાબો ભાગ, અને બ્રહ્માનો જમણો ભાગ ત્યજી દેવો.

જ્યાં વેધ આદિ દોષ નથી, જ્યાં ઘરનું આખું દળ નવું હોય, જ્યાં પેસવા નીકળવાનાં બારણાં ઘણાં નથી, જ્યાં ધાન્યનો સંગ્રહ ઘણો છે, જ્યાં દેવતા પૂજાય છે, જ્યાં પરોણા વિગેરેનું ઘણું આદર-માન થાય છે, જ્યાં રાતા પડદા હોય છે, જ્યાં ચોખ્ખાઇ ઘણી હોય છે, જ્યાં નાના મોટાની મર્યાદા બરાબર સચવાય છે, જ્યાં સૂર્યનાં કીરણ છાપરામાંથી અંદર પેસતાં નથી, જ્યાં દીવો સારીપેઠે પ્રકાશ આપે છે, જ્યાં રોગીઓનું રક્ષણ થાય છે, અને જ્યાં થાકેલા માણસને આરામ મળે છે તે ઘરમાં લક્ષ્મી નિરંતર વાસ કરે છે.

ચંદન, દર્પણ, સુવર્ણ, બળદ, ચામરંપંખો વિગેરે, આસન, અશ્વ, શંખ, ઘી, દહીં તથા તાંબાનાં પાત્રો એટલી વસ્તુ ઘરની વૃદ્ધિને અર્થે છે.

ઘર દેવમંદીરની પાસે હોય તો દુઃખ થાય, ચૌટામાં હોય તો હાનિ થાય, ધુતારાના તથા મંત્રીના પાસેના ભાગમાં હોય તો પુત્રનો અને ધનનો નાશ થાય.

ખજુરી, દાડમડી, કેળ, બોરડી અને બિજોરી એટલાં વૃક્ષ જ્યાં ઉગે તે ઘરનો સમૂળગો નાશ થાય.

ઘરમાં પીંપરનું વૃક્ષ હોય તો રોગ થાય, પીંપળો હોય તો સદાકાળ ભય ઉત્પન્ન થાય, વડ હોય તો રાજાનો ઉપદ્રવ થાય, અને ઉંબરો હોય તો નેત્રનો વ્યાધિ થાય.

• ક્ષીરી (જેમાંથી દુધ નીકળે એવા આકડા વિગેરે) વૃક્ષ ઘરમાં હોય તો લક્ષ્મીનો નાશ થાય, કાંટાવાળું વૃક્ષ હોય તો શત્રુનો ભય ઉપજાવે, ફલવાળું વૃક્ષ હોય તો સંતતિનો નાશ થાય, માટે એ વૃક્ષનું લાકડું પણ ઘર કરવાના કામમાં ન લેવું.

કોઇએ કહ્યું છે કે ઘરના આગળના દક્ષિણ ભાગમાં ઉંબરો, પશ્ચિમ ભાગમાં પીંપળો અને ઉત્તર ભાગમાં પીંપર સારો જાણવો.

આ પ્રમાણે નવું ઘર બનાવવા સંબંધી થોડું ઘણું પણ શાસ્ત્રીય જ્ઞાન પંચાલ સુતાર બંધુઓમાં હોવું જોઇએ. જો તે વિષે લગાર પણ જ્ઞાન આપણામાં ન હોય અને ફક્ત લાકડાં ફાડવાં અને એક ઉપર બીજું લાકડું ચઢાવવું એમાં આપણે સર્વ કળા શિખ્યા છીએ એવું આપણામાં અભિમાન હોય તો તે આપણી ભુલ છે. ભગવાન્ વિશ્વકર્માને આપણા ઇષ્ટ માનીને તેમણે પંચોલી સુતાર માટે ઘર બાંધવા સંબંધી જે જે આજ્ઞાઓ કરી હોય તે તે આજ્ઞાઓનું વિસ્મરણ વિવેકી સુતારે નજ કરવું જોઇએ. જો પોતાને તે વિષેનું જ્ઞાન ન હોય તો શિષ્યભાવે તે સંબંધી જ્ઞાન અન્ય જ્ઞાતા પુરુષોદ્વારાએ સંપાદન કરવું જોઇએ. અસ્તુ !

આપણે ઉપર જણાવ્યા પ્રમાણે આપણા ધંધામાં પ્રવીણ રહ્યા છતા અને તે ધંધો પ્રમાણીકપણે કરતા છતા આપણી એક બીજાપ્રતિ શી ફરજ છે, આપણા યુવકો કેવી રીતે સદાચારમાં વર્તે, આપણી જ્ઞાતિના આગેવાનોનું કર્તવ્ય, સ્ત્રીઓએ પોતાના સમયનો કેવી રીતે સદ્‌ઉપયોગ કરવો, સ્ત્રીઓએ વૃદ્ધિસુતક, ગર્ભધારણ અને રજસ્વળા સમયે કેવા નિયમો સાચવવા વગેરે બાબતનું ક્રમસહ વિવેચન કરાય છે:-

પંચાળ સુતાર બંધુઓની એક બીજા પ્રતિ ફરજ.

સુતાર બંધુઓએ સમજવું જોઇએ છે કે નાનાં પંખીઓ પણ

પશુ યોનિમાં રહ્યા છતાં એક બીજા તરફ મમતાની લાગણીથી જુએ છે અને એક બીજાને યથાશક્તિ મદદ કરી પોતાની ફરજ બજાવે છે. પરંતુ અફસોસની વાત છે કે પ્રભુએ આપણને ઉત્તમ પ્રકારના મનુષ્યનો અવતાર આપ્યો છે છતાં પણ આપણે એક બીજાની એક બીજા પ્રતિ શી ફરજ છે તે સમજતા નથી અને તેવી પવિત્ર ફરજ બજાવતા નથી. આખી પૃથ્વીનાં માણસોપ્રતિ કદાચ પોતાનો ફરજ ન બજાવાય પરંતુ પોતે જે જ્ઞાતિમાં જન્મ્યો છે તે જ્ઞાતિને સુધારવા માટે તે માણસ કોઇપણ પ્રકારનો પ્રયત્ન કરવારૂપ પોતાની ફરજ ન બજાવે તો તે માણસ માણસના આકારવાળો છતાં વસ્તુતાએ તે પશુતુલ્યજ ગણાય છે. શું આપણે પંચાળ સુતાર બંધુઓએ આપણું પેટ ભરીનેજ બેસી રહેવાનું છે ? જો આપણે આપણા કુટુંબનું પોષણ કરીને બેસી રહેવામાં આપણી મહત્તા સમજતા હોઇએ તો કુતરાં બીલાડાં પણ પોતાનું અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરીને બેસી રહે છે માટે તેમના તુલ્ય આપણે કાં ન ગણાઇએ ? પ્રભુએ આપણને પશુઓ કરતાં વિવેક બુદ્ધિ વધારે આપી છે તે વિવેક બુદ્ધિનો ઉપયોગ આપણી જ્ઞાતિની સુધારણાર્થે કરવાનો છે. માટે આપણે એક બીજા પ્રતિની ફરજ બજાવવા માટે દરેક વર્ષે જ્ઞાતિની સમાજો ભરવી જોઇએ, તે સમાજોમાં જ્ઞાતિના હિત માટે યોગ્ય મત આપવા જોઇએ, નાણાંની મદદ કરવી જોઇએ, એકબીજાના પરસ્પર વિચાર જણાવવા માટે આપણે આપણી જ્ઞાતિના નામનું માસિક કાઢવું જોઇએ અને તે માસિકમાં આપણી જ્ઞાતિનું ભલું થાય તેવા ઉપાયો શમ, દમ, દંડ અને ભેદથી સમજાવવા જોઇએ. માણસ જો પોતાની જાતે ઉત્સાહથી અને અડગશ્રદ્ધાથી શુભ કાર્ય કરે છે તો તે ઇશ્વરતુલ્ય થાય છે. પરંતુ કંઇ ઇશ્વર માણસના પ્રયત્ન સિવાય તેને કંઇ પણ પ્રદાન કરી શકતા

નથી. તેજ પ્રમાણે સુતાર બંધુઓ જ્ઞાતિના ઉદય માટે કંઇ પણ પ્રયત્ન કરશે, પોતાના શુભ વિચારો જ્ઞાતિના શ્રેય માટે માસિકમાં જણાવશે અને બીજા યોગ્ય ઠરાવો કરી તે ઠરાવોને અમલમાં મૂકશે તોજ જ્ઞાતિનું શ્રેય થશે.

યુવકો કેવા ઉપાયથી સદાચરણમાં પ્રવર્તે.

જો મકાનનો પાયો મજબૂત હોય તો તેના ઉપર તૈયાર કરેલું ઘર લાંબો કાળ ટકી શકે છે, તેમ આપણી જ્ઞાતિની ઉન્નતિનો આધાર યુવકોને સદાચરણમાં પ્રવર્તાવવા એજ છે. જે જે જ્ઞાતિમાં યુવકો દુરાચરણી પાકયા છે તે તે જ્ઞાતિ વગોવાતી આવી છે વગોવાય છે. યુવકો ભવિષ્યના ગૃહસ્થો છે. સોબત તેવી અસર હમેશાં થયા કરે છેજ. પંચોળી સુતાર બંધુઓ ઉઠો ! જાગ્રત થાઓ ! આપણી સંતતી કે જેણે વિદ્યાદેવી સાથે મજબૂત વેર બાંધ્યું છે તેમને દયા કરીને બચાવો ! તેમને સદ્‌વિદ્યાનું દાન ગમે તે ઉપાયથી કરાવો ! સદ્‌વિદ્યાના દાન કરતાં દુનિયામાં બીજું એક પણ દાન ચઢિયાતું નથી. જો આપણી સંતતી સુધરશે તો તેઓ આ લોકમાં ઉત્તમ પ્રકારનાં સુખ ભોગવી અંતે મોક્ષ પામશે અને આપણી છકોતેર પેઢીને તારશે. માટે આપણી સંતતી સુધરે એવા પ્રકારની સદ્‌વિદ્યા આપવાની બહુ જરૂર છે. આપણા સંતાનોને સુધારવા માટે આપણામાં બીડી પીવાનું, તમાકુ ખાવાનું કે હોકો પીવાનું જો આપણામાં અપલક્ષણ હોય તો તે અપલક્ષણને આપણે દૂર કરવું જોઇએ. આપણા ધર્મશાસ્ત્રમાં આપણા વર્ણાશ્રમના ધર્મ પાળવા માટે જે નિયમો હોય તે નિયમોનું આપણે પ્રીતિથી પરિપાલન કરવું જોઇએ, જુઠું બોલવાનો અથવા તો આપણા કરતાં બીજી ઉચ્ચ જાતિનો નિંદા કવાનો આપણુને જીવ્હા સ્વાદ લાગ્યો હોય તો

તેવા સ્વાદને હળાહળ વિષ સમાન સમજી અત્યારથીજ આપણે તેનો ત્યાગ કરવો જોઇએ, પરસ્ત્રી સામે કુદૃષ્ટિ કરવાનો મહાવરો પડ્યો હોય તો તે દૂર કરવો જોઇએ, મિથ્યા બોલવાનો સ્વભાવ પડ્યો હોય તો તેનો ત્યાગ કરવો જોઇએ, અને તે પછી આપણે જોવું જોઇએ કે આપણા હૃદયમાં કેવી શાંતિ થાય છે? આપણે આ પ્રમાણે સુધરીશું એટલે તે જોઇને આપણા સંતાનો પણ સુધરતા જશે. પરંતુ અફસોસની સાથે જણાવવું પડે છે કે બાપને હોકો પીવાની તલપ લાગે તો દીકરાને કહેશે કે હોકો ભરી લાવ, તથા તેને પીને બરોબર સળગાવ પછી મને આપ! જ્યાં આવી જાતની મર્યાદાનો લોપ થતો હોય, જ્યાં પુત્ર પિતા વચ્ચેનો સંબંધ કે જે દેવ જેવો સંબંધ છે તે સંબંધને પશુતુલ્ય બનાવ્યો હોય ત્યાં યુવકો કેવી રીતે સુધરે! દેવતાજેવો સંબંધ યુવકોને દેવ બનાવે છે અને પશુ જેવો સંબંધ યુવકોને પશુ બનાવે છે. શાસ્ત્રમાં **आचार्यदेवो भव, मातृदेवो भव** અને **पितृदेवो भव** કહ્યું છે તે પ્રમાણે પીતા પોતાનું દેવપણું ન સાચવતાં દેવતા જેવા મટી જઇ હોકો પીતા થઇને જંગલ જવાળામુખી પર્વત જેવા દેખાય તેવા પિતાઓ **पितृदेवो भव** એ વાક્યને તિલાંજલિ આપી **पितृ होकोपिबंति भव** એવા થાય અને પુત્ર પણ 'બહુ સારૂ' કહી બાપને હોકો ભરી આપે અને તે હોકો પ્રથમ પોતે પીને પછી બાપને પીવા આપે એમ હોકાની "ને" સાથે વળગેલું એક બીજાનું થુંક બાપ દીકરા વારાફરતી ચાટે એ કેવા પ્રકારનું બાપ દીકરાનું મનુષ્યપણું છે તે સમજી શકાતું નથી. **मूळोनास्ति कुतः शाखा** જ્યાં મૂળજ ન હોય ત્યાં શાખા ક્યાંથી હોય? તે પ્રમાણે મૂળમાંજ આ પ્રમાણે મર્યાદા ન સચવાય ત્યાં બીજા પ્રકારની મર્યાદાની વાત ક્યાં રહી? માટે યુવકોને સુધારવા માટે ઉપર જણાવેલા દોષો દૂર કરવાની જરૂર છે. જ્યાં જ્ઞાતિના

વૃદ્ધ માણસો આ પ્રમાણે પોતાના દુર્ગુણોનો ત્યાગ કરશે એટલે યુવકો પણ તે પ્રમાણેનું વર્તન જોઇને પોતાનામાં કોઇ પણ પ્રકારના દુર્ગુણ હશે તો તેનો ત્યાગ કરશે. આ પ્રમાણે જ્ઞાતિના યુવકોને સુધારવાનો એક પ્રકાર બતાવ્યો. આ પછી જ્ઞાતિમાં આગેવાન ગણાતા અને દ્રવ્યવાળા ગૃહસ્થોએ પોતાની જ્ઞાતિનાં બાળકો સુધરે તે માટે જ્ઞાતિ તરફથી એક મોટું ફંડ કરવાની અને પંચોલી સુથાર વિદ્યાર્થીભવન ખોલવાની જરૂર છે. આ વિદ્યાર્થીભવનમાં ગરીબને પણ વધારે ન પડે એ પ્રમાણે ભોજન ખર્ચની ફી રાખવી. આ વિદ્યાર્થીભવનમાં ઘર બાંધવાનું શાસ્ત્રીય જ્ઞાન ધરાવે, શુદ્ધ વ્યવહારનું બીજું જ્ઞાન સંપાદન કરાવરાવે, અને આધ્યાત્મિક રહસ્ય બતાવે એવા વિદ્વાનને યોગ્ય પગાર આપીને રાખવો; તથા વિદ્યાર્થીભવનમાં યુવકો કેવી રીતે વિદ્યાભ્યાસ. કરે છે, તેઓ વ્યવહાર પરમાર્થમાં કેટલા આગળ જાય છે તેની પરીક્ષા જ્ઞાતિના અગ્રેસરોએ દરેક અઠવાડીએ કરવી જોઇએ. આમ થશે તો જ્ઞાતિના યુવકો ધીમે ધીમે વ્યવહાર પરમાર્થ બન્નેમાં આગળ વધતા જશે અને તેથી કરીને જ્ઞાતિની દશા ઉત્તરોત્તર વધારે સારી સ્થિતિમાં આવતી જશે.

જ્ઞાતિના આગેવાનોનું કર્તવ્ય.

વહાણને જેમ સઢની જરૂર છે તેમ જ્ઞાતિને સારે રસ્તે લઇ જવા માટે જ્ઞાતિમાં આગેવાનોની જરૂર છે. આ આગેવાનો વિવેકવાળા, જ્ઞાતિના ભલા માટે તન મન અને ધનનો ઉપયોગ કરનારા, જ્ઞાતિ માટે અભિમાન રાખનારા અને જ્ઞાતિના બાળકોનું સારૂ ઇચ્છનારા હોવા જોઇયે. જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કુવામાં તેમ જે જ્ઞાતિના આગેવાનો લાલચુ, અનીતિને રસ્તે જનારા, નખોદીયાં ખાંનારા, જ્ઞાતિમાં કલહ કરનારા, જાણી જોઇને જ્ઞાતિના ટુકડેટુકડા કર-

નારા અને છીંકતાં છીંડું પડે એવા સ્વભાવવાળા હોય તેવા આગેવાનોથી જ્ઞાતિ કોઇપણ કાળે સુધરતી નથી. આપણી જ્ઞાતિમાં જે જે આગેવાનો હોય તેમણે જ્ઞાતિ પ્રતિ પોતાનું શું કર્તવ્ય છે તે જાણવું જોઇએ અને તે પ્રમાણે વર્તવું જોઇએ. જો રાજા પોતાની રૈયતને પુત્ર સમાન ગણી રૈયતને યોગ્ય ન્યાય ન આપે તો તે રાજા વસ્તુતાએ રાજા નથી. તેમ જ્ઞાતિના આગેવાનો જ્ઞાતિના માણસને પોતાના બંધુ સમાન સમજી તેમને યોગ્ય ઇનસાફ ન આપે તો તે આગેવાનો વાસ્તવિક રીતે સાચા આગેવાનો નથી પરંતુ સ્વાર્થી મનુષ્યો છે.

જ્ઞાતિના આગેવાનોનું ડાહાપણ જ્ઞાતિની લુખી પટલાઇ કરવામાં, જ્ઞાતિના રૂપીઆનો અવળે રસ્તે વ્યય કરવામાં, બીનગુનેગારને જ્ઞાતિ બહાર મૂકવામાં, જ્ઞાતિને કુંભકર્ણની ધાટી ઉંઘમાં રાખવામાં નથી, પરંતુ તેમનું ડાહાપણ જ્ઞાતિને યોગ્ય ઇનસાફ આપવામાં, જ્ઞાતિના રૂપીઆનો જ્ઞાતિના બાળકોને કેળવણી આપવામાં, ગુનેગારને યોગ્ય શાસન કરવામાં અને જ્ઞાતિને દરેક પળે જાગ્રત કરવામાં છે. કોઇ પણ દેશનો રાજા આળસુની પેઠે આખો દિવસ બેસી રહે અને પોતાની પ્રજાની જેથી ઉન્નતિ થવાની છે એવા ઉપાયો યોજે નહીં તથા તેવા ઉપાયો અમલમાં મૂકવા માટે ધનનો વ્યય કરે નહિ એ રાજા શું યોગ્ય કરે છે એમ કોઇ પણ વિવેકી કહી શકે ? તેવીજ રીતે આપણી જ્ઞાતિના શેઠો જ્ઞાતિ માટે કોઇ પણ પ્રકારનું બલીદાન ન આપે તે શું યોગ્ય ગણી શકાય ? જેમ રૈયતના સુખ દુઃખનો આધાર રૈયતપ્રતિ રાજાની ઉત્સાહવાળી શુભ લાગણી એ છે તેમ જ્ઞાતિના સુખ દુઃખનો આધાર જ્ઞાતિપ્રતિ જ્ઞાતિના શેઠોએ મમત્વની લાગણીથી જોવું તે છે. મારા મુરબ્બી શેઠ વિરાઓ ! જાગ્રત્ થાઓ અને અમને જાગ્રત્ કરો,

તમારા. લાખ્ખો રૂપીઆ જ્ઞાતિના બાળકોને કેળવણી મળે તેમાં વાપરો, તમારા લાખ્ખો રૂપીઆ જ્ઞાતિની વિધવાઓ સારે રસ્તે ચઢે તેવાં વિધવા આશ્રમો ખોલવામાં વાપરો, તમારા લાખ્ખો રૂપીઆ સુતાર બંધુઓને પોતાના હુન્નરમાં અદ્વિતિય જ્ઞાન પ્રાપ્ત થાય તેવી હુન્નર શાળાઓ ખોલવામાં વાપરો, તમારા લાખ્ખો રૂપીઆ સુતાર બંધુઓ ધર્મને રસ્તે ચઢે તેવાં સનાતન ધર્મનાં પુસ્તકો છપાવી તેમને વિના-મૂલ્યે મળે એમાં વાપરો અને તમારા લાખ્ખો રૂપીઆ તમારૂં અંતે શ્રેય થાય એવા ઉત્તમ કાર્યમાં વાપરો. બે આંખો મીંચાઇ જશે એટલે બધું અહીંજ પડી રહેશે. તમારા લાખ્ખો રૂપીઆ કે જેના ઉપર તમને દ્રઢપણે મમત્વ બંધાયો છે તે રૂપીઆ તમારો દેહ વિલય થયા પછી તમારી સાથે નહિજ આવે. જ્યારે મૃત શરીરને અગ્નિદાહ દેવામાં આવે છે ત્યારે તેનાં સગાં વહાલાં તેને છેવટનો વળાવીને પાછાં ફરે છે પરંતુ કેવળ ધર્મ અને અધર્મ એ બે તેના સાથીઓ તેની સાથે જાય છે. માટે બંધુઓ! ધર્મ કરો, ધર્મ કરો, ધર્મ કરો. તમારા જ્ઞાતિ બંધુઓનો વ્યવહાર પરમાર્થ બન્નેમાં વિજય થાય એવા પ્રયત્નો કરવામાં તમારૂં તન મન અને ધન વાપરવા રૂપી ધર્મ કરો. અંતે ધર્મનો જય છે.

જ્ઞાતિબંધુઓ પ્રતિ સામાન્ય વિવેચન.

પ્રિય જ્ઞાતિ બંધુઓ ? આપણામાં કુસંપે ઘર ઘાલ્યું છે તેવા કુસંપને દૂર કરી સંપનું સેવન કરવાની બહુજ જરૂર છે, કેમકે સંપ એજ દિવ્ય તેજ છે. સંપ એજ આપણું નવનિત છે. સંપ એજ આપણી ઉન્નતિનો આધાર છે. અને સંપ એજ સમગ્ર જગતનું કલ્યાણ-કર કાર્ય છે. માટે પ્રિય સજ્જનો ? કુસંપરૂપી કુછંદનો ત્યાગ કરી સંપનું સેવન કરવાની દઢ પ્રતિજ્ઞા લેશો.

જન્મ્યો હું જે જ્ઞાતિમાં, તેના રૂડા માંય:
તન મન ધન આરોપતાં, કરૂં ન પાછા પાય.

આ દોહરો સ્મરણમાં રાખી સંપનું સેવન કરશો તો જ્ઞાતિનો અભ્યુદય થવામાં વિશેષ વખત લાગશે નહિ.

નાતરૂં નહિં કરવું તે સારૂં છે.

આપણી જ્ઞાતિમાં નાતરાનો રિવાજ છે તે દૂર થવાની જરૂર છે. સ્ત્રીઓ વિધવા થાય તે પછી તેઓ સારે રસ્તે ચઢે એવાં વિધવા આશ્રમો ખોલાય અને ત્યાં સ્ત્રીઓ નૈતિક અને ધાર્મિક કેળવણી લઇ પોતાનું વૈધવ્ય સાચવે એ ઇષ્ટ છે.

શ્રી વિશ્વકર્મા જયંતિ મહોત્સવ.

આપણે વિશ્વકર્માના વંશથી ઉતરી આવેલા સંતાનો છીએ. માટે મહાત્મા શ્રીવિશ્વકર્માના જન્મ દિવસને જયંતિ તરિકે માની બહુધા બની શકે તો કોઇ સારા શાસ્ત્રી વા પુરાણીદ્વારા શ્રીવિશ્વકર્મા પુરાણીની કથાનું શ્રવણ, મનન, અને નિદિધ્યાસન કરી. મન, વાણી અને શરીરથી પવિત્ર રહેવું, અને તે દિવસને આપણા મહોત્સવનો દિવસ માની ગત વર્ષ કરતાં આ વર્ષે આપણાથી પરલોકની પુંજીમાં વા દૈવી સંપત્તિમાં કેટલા પ્રમાણમાં વૃદ્ધિ થઇ તેનો ટાળો મેળવી આવતા નવીન વર્ષમાં કેટલા પ્રમાણમાં આગળ વધવું તેનો મન સાથે દૃઢ સંકલ્પ કરવો.

બાળવિવાહ પ્રતિબંધ.

આપણા આર્યવર્તમાં બહુધા રંગ, રૂપ, વય, વર્ણ અને વિચારનાં કજોડાનો દેખાવ નજરે પડે છે તેનું મૂળ કારણ બાળવિવાહ એજ છે.

ઉપલા કજોડામાં વિચારનું કજોડું એ અતિ દુ:ખદાયક છે. બહુધા પ્રત્યેક નજીવી વસ્તુ ઉપર પણ (પોતાને જરૂરી વસ્તુ ઉપર) પોતાની પસંદગીના વિચારનેજ અનુમોદન અપાય છે. એ નિયમને

અનુસરી આ જે અમૂલ્ય વસ્તુ છે તેને ખરીદ કરવામાં ભવિષ્યમાં એ વસ્તુનો માલિક જે હોય તેની સલાહ અને વિચાર વગર કામ કરવું એ વિવેકીઓની સમજને અનુસરતું ગણાતું નથી. સાધારણ પગે પહેરવાનું પગરખું પુરૂં એક માસ પણ ટકનાર નથી તેનો આસપાસના દરેક સંજોગો તપાસી જોવા કે બંધબેસતું, નહિ ડંખતું, મનપસંદ, સલામતીવાળું અને મજબૂત તળીનું, સાથે ઓછું દામ, અને સારા કામની સાબીતી મળે તોજ ખરીદ કરીએ છીએ. પણ જ્યારે જીંદગી જવાહીરનું જતન કરનાર તીજોરી એક બીજાની આખી જીંદગી તો શું પણ પરાપૂર્વના ભવનું સુખ દુઃખના વેચાણનું સાટું વિના વિચારે થાય તે શું સાહસ નહિ કહેવાય ? બેશક આવા સાહસ કરનારા મા-બાપો પોતાના સંતાનો તરફથી સુખને બદલે શ્રાપ મેળવી દુઃખના દાવાનળમાં દાઝતા રહે એ બનવા જોગ છે. માટે સમજુ માબાપોએ પુત્ર પુત્રીમાં સાર અસારનું સાધારણ બુદ્ધિબળ પ્રકટ થાય નહિ ત્યાં સુધી તેઓનો સંબંધ બાંધવામાં ઘણીજ સાવધાનતા રાખવાની છે. અને આ રિવાજ કાઢી નાખવા યોગ્ય છે.

કન્યાવિક્રય.

આ રિવાજ ઘણોજ દુઃખકર છે. ખોટે માર્ગે આવેલું ધન તેઓ સુખરૂપે વાપરી શકતા નથી એટલુંજ નહિ પણ આ દુનિયામાં કલેશ મેળવી પવિત્ર પ્રભુના દ્વારમાં જવાબ દેવાનું સાધન રહેતું નથી. કેમકે કન્યાવિક્રય કરી ધન ધુતનાર સગાવહાલાંઓના કરતાં કૃતઘ્નિ કસાઈ પણ સારા કે તેઓ મુવેલાનું માંસ વેચી પોતાને હલકુ કામ કરનારા ગણે છે. જ્યારે ડાહ્યા ડમરા અને સમજુના સરદાર ગણાતા આપણી ઉચ્ચ કોમના સજ્જનો જીવતું માંસ વેચી (કન્યાવિક્રય કરી) તેમાં મોટાઇ માને છે. આ પ્રમાણે હોવાથી આ રિવાજ ઘણોજ હાનિકા-રક હોવાથી તેનો ત્યાગ કરવાની જરૂર છે.

જ્ઞાતિના અધમ રિવાજો.

ન્યાત વરાઓ વખતે લખલુટ થતા ખર્ચનો અટકાવ થવો જોઇએ. સ્ત્રીઓમાં બિભત્સ ગવાતાં ગિતો એકદમ નાબુદ થવાં જોઇએ. કેમકે એથી નીતિ, વિવેક,વિનય અને નિયમનું ભાન નહિ રહેતાં એક બીજા ભેગાં બેસી પોતાના માબાપ સાસુસસરા ભાઇભોજાઇ એક બીજાની બીલકુલ શરમને અળગી મૂકી નિર્લજ્જ રીતે વર્તે છે એટલુંજ નહિ પણ તેઓ એક બીજાને નિર્લજ્જ રીતે વર્તવા દેવા સારી ઉમદા તક સાધી આપતાં (ખુશ થતાં) હોય એમ સમજાય છે.

રોવા કુટવાનો ચાલ પણ ઘણોજ હાનિકર છે. સ્ત્રીવર્ગમાં કેટલીક વખત કોમળ ભાગ પર લાગતાં પોતે ઘણી વખત મુર્છીત બની જાય છે અને તેથી ઘણા રોગ ઉત્પન્ન થાય છે. વળી સ્તન ઉપર પણ સોજા ચઢી આવી તેને દુધ આવતું બંધ થાય છે અને તેવી ઉદ્ધત સ્ત્રીના પ્રમાદના નાહકના ભોકતા ઘણી વખત બીચારાં નિર્દોષ બાળકો બને છે તેમ થતું અટકાવવું એ જ્ઞાતિ શુભેચ્છકોનું કર્તવ્ય છે. ખરી લાગણી અને અનહદ પ્રેમ જો તેઓ મરનાર પ્રત્યે ધરાવતાં હોય તો તેઓએ પોતાની પાસેના દ્રવ્યનો સન્માર્ગમાં વ્યય કરવો, અથવા તો ગરિબ અવસ્થા હોય તો વાણીદ્વારા દ્રવ્યના આભાવે થોડું ઘણું પુણ્ય મરનારને અર્પણ કરવું અથવા ગરૂડ પુરાણ વંચાવવું કે જેથી મરનારની સ્થિતિ પરલોકને વિષે કાંઇક સુધરે. પણ રોવાકુટવાના રિવાજથી તો અન્યનું હિત નહિ થતાં પોતાને પણ અસહ્ય દુઃખમાં જોડાવું પડે છે.

ઉદ્યોગીક કેળવણી.

સુતારના ધંધાની કેળવણી અર્થે એક મંડળ સ્થાપી તે મંડળનો નિભાવ જ્ઞાતિમાં થતા લખલુટ ખર્ચમાંથી બનતો બચાવ કરી

તે મંડળમાં આપવો અને તેમાં શિક્ષીત યા અશિક્ષીત છોકરાઓ અગર પુરૂષો ગામના યા પરગામના દરેક રીતે લાભ લઇ શકે તેમ યોજના કરવી, અને તે કાર્ય ઉત્તમ પ્રકારનું ચાલે તે માટે તે કાર્યને નિભાવવા માટે એક સુપ્રસિદ્ધ આગેવાનને જ્ઞાતિ તરફથી ફરજ પાડવી. એટલુંજ નહિ પણ પ્રત્યેક વર્ષે દરેક ગામ તરફથી જ્ઞાતિનું કોન્ફરન્સ ભરાય ત્યારે પોતાની કારીગિરીના ફરમા મોકલવા. આમ કરવાથી હુન્નર ઉદ્યોગનું કામ ઘણુંજ આગળ વૃદ્ધિમાં આવી શકશે.

જ્ઞાતિ અને સંપની અગત્યતા.

આજકાલ દિનપ્રતિદિન જનસમાજને પોતાની દશાનું ભાન થતું દૃષ્ટિગોચર થાય છે, તેમ તેમ હરેક મનુષ્ય જ્ઞાતિની કિંવા દેશની ઉન્નતિ કેવી રીતે થઇ શકે તેને માટે ભગીરથ પ્રયત્નો કરતા જણાય છે; અત્યંત સુખ વૈભવની અંદરજ ઉછરેલા જીવાત્માઓને જ્યારે દીન અવસ્થામાં જોવામાં આવે છે, ત્યારે ખરેખર એક હૃદયદ્રાવક ચિતાર આપણી નજર સમક્ષ ખડો થાય છે.

વખત જતાં ભુતકાળની સ્થિતિનું વિસ્મરણ થાય છે. અને જે સ્થિતિ તેને અત્યંત દુઃખમય અને અપ્રિય હતી તે કેટલેક અંશે પ્રિય થયેલી જણાય છે. પરંતુ જ્યારે જ્યારે ગુજારેલા દિવસોનું સ્મરણ થાય છે, ત્યારે ત્યારે તે દિવસો અને તે આનંદોનું અવલોકન હું વર્તમાનમાં કેવી રીતે કરી શકું તેજ તેના મગજમાં રમી રહે છે. હૃદયની પ્રબળ ઇચ્છા થતાંજ ધારેલી ઇચ્છા પાર પાડવાને માટે પોતાનાથીજ બને તેટલું કરતાં પણ ચુકતો નથી. છતાં ફતેહમંદ નહિ થવાથી નિરાશ થઇ જાય છે, અને કહે છે કે " **बलियसी केवलसीश्वरेच्छा.** "

પ્રિય વાંચકવર્ગ ! કેટલીક વખત તેના ઉપર આધાર રાખી

શકાય ખરો, પરંતુ તેમ નથી. તમે ગમે તે કાર્ય કરો પરંતુ વહેલું અથવા મોડું તેનું ફળ મલ્યા સિવાય રહેતું નથી. દાખલા તરીકે, આપણે કોઇ પણ માણસનું કંઇ પણ કામ કરીએ છીયે તો તે પણ તેનો બદલો વાળવાને ચુકતો નથી, તો મહાન્ જગતનિયંતા કે જેણે આ દુનિયામાં સર્વ પ્રાણી માત્રના કલ્યાણાર્થે આટલી ચીજો ઉત્પન્ન કરી છે તે તમને તમારા કર્મનું ફળ નહિ આપે ! આપશેજ. સદાકાળ કર્મનાં ફળ મળે છે તેતો સર્વમાન્ય છે. જો આપણે શુદ્ધ અંતઃકરણથી અને દૃઢ શ્રદ્ધા રાખીને ગમે તે કામ કરવાને પ્રવર્ત થઇશું, તો આપણને નક્કી વિજય મળવાનો સંભવ છે.

મનુષ્યના અંતઃકરણની શુભ દૃઢ ઇચ્છાને પાર પાડવાને માટે શ્રીહરિ કરમાં શસ્ત્ર ધરી ભક્તને સહાય થવાને બીલકુલ વિલંબ કરતો નથી. ત્યારે આપણે આપણા કર્તવ્ય પંથે ચાલતાં કેમ અટકવું જોઇએ.

આ અખીલ સૃષ્ટિમાં ઉન્નતિના શિખરં ઉપર પહોંચવાને માટે જ્યાં ત્યાં ગડમથલ થતી કર્ણદ્વારા સંભળાય છે, તો તેની સાથે આપણી પણ ઉન્નતિ કેવી રીતે થઇ શકે તે વિષે વિચાર કરવો તે આપણી પહેલી ફરજ છે. પાણીના પ્રવાહની માફક વખત વહિ જાય છે, તે કોઇને માટે રાહ જોતો નથી તેને માટે શ્રીઆદ્યશંકરાચાર્યે કહ્યું છે કેઃ—

आयुर्नस्यति पस्यतां प्रतिदिनं यातिक्षयं यौवनं ।
प्रत्यायान्ति गतःपुनरन दावसाकालो जगत भक्षकः ॥

બંધુઓ ! આ પ્રમાણે જે વખત આપણે નકામો ગુમાવ્યો તે ફરીથી મળી શકવો દુર્લભ છે. એક મિનિટ જે આપણે વ્યર્થ ગપ્પાં મારવામાં પસાર કરીને ફરીથી માગીશું તો તે મળી શકે તેમ નથી.

હવે તો જે જાય છે તેનોજ વિચાર કરવાનો છે. વખત તે એક અમૂલ્ય રત્નરૂપ છે. તેને માટે એક અંગ્રેજી વિદ્વાને કહ્યું છે કે:—

Time is gold throw not one minute away, but place each one account.

ખરેખર સત્ય છે; આવા વખતની અંદર જે માણસ આલસ્ય અને અજ્ઞાનતામાં કાળ નિર્ગમન કરે છે તે ઘણુંજ નિંદવા યોગ્ય છે.

ભ્રાતૃ વર્ગ—મ્હારે જણાવવું જોઇએ કે હજુ આપણે ઘણાં કર્મ કરવાનાં છે, આપણે માથે હજુ ઘણી ફરજો બજાવવાની છે, જો આપણે એક આપણી જ્ઞાતિનું કલ્યાણ કેવી રીતે થઇ શકે તેમ વિચાર નથી કરતા તો આ પવિત્ર ભારતવર્ષ અને તેમાં વસતા ત્રીસ કરોડ બાંધવો અને ભગિનીઓનું કલ્યાણ કરવા કેવી રીતે સામર્થ્યવાન થઇશું.

ભાઇઓ ! જાગૃત થાઓ. આજથીજ કર્તવ્યક્ષેત્રમાં ઝંપલાવાની દ્રઢ પ્રતિજ્ઞા કરો. જુવો નજર નાંખો, મહાન્ પીતાની આપેલી આંખોથી, સમસ્ત જગત્ ઉપર દ્રષ્ટિ કરશો તો માલમ પડશે કે વિરપુરૂષો બુદ્ધિનો ઉપયોગ કરતા, અને કર્તવ્ય પરાયણ બની આ જનસમાજ ઉપર છાપ બેસાડતા માલમ પડે છે. મહાત્માઓરૂપી પ્રભાતનો ઝળહળતો દિવ્ય પ્રકાશ આલસ્ય અને નિદ્રામાંથી મુક્ત થવાનો સદ્બોધ આપે છે. વળી કર્તવ્ય કરવાની પ્રેરણા કરે છે, અને આપણા જડવત્ હૃદયમાં બોધામૃત રૂપી દિવ્ય તેજનું સિંચન કરે છે. તો હે બંધુવર્ગ ! આત્મ ઉદયને માટે આલસ્ય તજી દેવી શ્રેષ્ઠ છે.

હવે જનસમાજના ઉદયનો વખત નજદિક આવવા લાગ્યો છે. ઘણાક મનુષ્ય પોતાના ધર્મ અને કર્મ સમજવા લાગ્યા છે, તેજ તેમની ભવિષ્યની મહાન્ ઉન્નતિનો વિજય વાવટો છે.

પ્રિય પંચોલી બંધુઓ! શું તમારી પૂર્વ સ્થિતિનું સ્મરણ કરતાં તમારાં રોમાંચ ખડાં થતાં નથી? વિરરત્ન વિશ્વકર્મા જેવા જે ભૂમીમાં જન્મ લઇ "**यावच्चंद्रदिवाकरौ**" પૃથ્વિમાં અમર નામના કરી ગયા છે તેજ પવિત્ર વંશથી ઉતરી આવેલા છો, તમે તે માતાની કુખેજ જન્મ લીધો છે અને હજુ પણ અભિમાન રાખો છો કે હમે "પંચોલી" છીએ, ત્યારે તો "સંપ તેજ તમારો મુખ્ય ઉદ્દેશ છે." ફળની આશા રાખ્યા સિવાય કર્મમાં પ્રવર્ત રહેવું એજ "શ્રી કૃષ્ણ" પરમાત્માનો બોધ છે તો આલસ્યાધિન ના થતાં એક વખત રા૦ દિવાનાની રસમય કડીઓનું સ્મરણ કરો અને કહો કે

"કર્મ એજ છે કાર્ય હમારૂં, ફલદાતા ભગવાન્;
શ્રોતા અરજુન સમા નિપજાવું,
ઉપદેશક કૃષ્ણસમાન,

તોજ હું આર્યરૂષિ સંતાન.

પ્રિય જ્ઞાતિ બંધુઓ! દ્રઢ સંકલ્પથી કહો કે જે પંચોલી જ્ઞાતિ સંપને માટે પ્રખ્યાત છે તે પુત્રો કુસંપરૂપી ડાઘ કદી લગાડવા દેશે નહીં.

સંપ તે એક દિવ્ય તેજ છે, સંપ તેજ ધન છે, સંપ તેજ બળ છે, સંપ તેજ ધર્મ છે, સંપ તેજ કર્મ છે, અને તેજ સંપથી આપણો જય છે, દરેક ચીજનો વાસ સંપમાંજ છે.

આપણી ઉન્નતિનો ધ્વજ હવે નજદિકમાં હોય તેમ ભાસે છે, જ્ઞાતોન્નતિ વિષે મહાન્ મહાન્ પ્રયાસો થતા જોવામાં આવે છે, પ્રભુ કૃપાથી આપણી જ્ઞાતિરૂપી કુટુંબમાં વિદ્યા અને કલાનો વેગ વધતોજ જણાય છે, દરેક મનુષ્યો પોતપોતાની ફરજો સમજવા લાગ્યા છે. ભાઇઓ! આપણી ઉન્નતિ માટે પ્રયાસ કરનાર ઘણાક ભગિરથ પ્રયત્નો કરે છે; પણ તે બિચારા એકલા શું કરે? "નગારામાં તતુડીનો શો

હીસાબ ?" આપણા જીવનનો ઉદ્દેશ તો આપણી જ્ઞાતિની ઉન્નતિ કરવાનોજ છે એમ છાતી ઠોકીને કહેવું જોઇએ, અને તેજ આપણો મહામંત્ર છે. પ્રભુ તે ઇચ્છા પાર પાડો.

ભાઇઓ ? કુસંપથી કેવા કેવા મહાન્ પુરૂષો પાયમાલ થઇ ગયા તેનો વીચાર કરશો તો જણાશે કે મહાન્ જબરજસ્ત કૌરવ પાન્ડવોનો નાશ થવાનું મૂળ કારણ તે દુષ્ટ કુસંપ છે. વળી રાવણ સરખા મહાન્ રાજાને પણ જે જે વિપત્તિ ભોગવવી પડી હતી તે પણ પરસ્પર કુસંપથીજ. કુસંપે આવા વિરપુરૂષોને પાયમાલ કરી નાંખ્યા તો આપણી તો શી ગણત્રી !

પ્રિય જ્ઞાતિબંધુઓ !

"ભાતૃભાવથી હળીમળી ચાલી, સંપ અસિ લઇ સ્વસ્થ ફરો" ઉપરના સુત્રને આધારે ચાલવાથીજ આપણો વિજય છે. આ અજ્ઞાનરૂપી અંધકારમાંથી મુક્ત થવાને માટે સંપરૂપી પ્રકાશની ખાસ જરૂર છે. અમે અમુક પંચોલી છીએ એવો વિચાર મનમાં નહિ લાવતાં અમે સર્વ "પંચોલી" જ છીએ, એવું નામ જ્યારે ધારણ કરીશું ત્યારે આપણો ઉદય થયો એમ જણાશે.

જનસમાજની ઉન્નતિનો મુખ્ય આધાર સંપજ છે, તો જ્યારે સંપરૂપી ચંદ્રનો પ્રકાશ આપણી જ્ઞાતિમાં થયો કે તેને અંગે સર્વ પ્રકારનાં સુખ અને વૈભવનો વાસ તેની મેળેજ થશે. દરેક જ્ઞાતિજનો પોતાની ઉન્નતિ કેવી રીતે થઇ શકે તેનો પ્રયાસ કરતા અને તે માટે ચર્ચાઓ કરતા જોવામાં આવે છે.

જ્યાં હોય ત્યાંથી સંપ, સંપ, અને સંપનાજ પ્રતિધ્વનિ કાને અથડાય છે અને તેજ દિવ્ય ધ્વનિ આપણને અઘોર નિદ્રારૂપી આલસ્ય તજી દેવાનો સદ્બોધ આપે છે.

હવે જુવો ! ચોમેર દ્રષ્ટી નાંખો ! કંઇક દિવ્ય પ્રકાશ આપણી નજરે પડે છે. જેમાંથી આપણા જીવનને દિવ્ય બનાવવાનો માર્ગ જડી આવશે. તે દિવ્ય પ્રકાશ આગળ વધતો જાય છે. તાકી તાકીને જોજો, સંપૂર્ણ દ્રષ્ટિ કરી પ્રભુ પાસે આપણી જ્ઞાતિરૂપી કુટુંબને તે દિવ્ય તેજમાં મળી જઇ તદ્રુપ થઇ જાય તેવી તે મહાન્ પિતા પ્રત્યે શુદ્ધ હૃદયથી પવિત્ર માગણી કરો. પ્રભુ દીનદયાળ છે. વીર ભૂમિ તરિકે પંકાતિ "પંચાલ" જ્ઞાતિના પુત્રોની આવી અવસ્થા જોતાંજ તે અનંતકોટી બ્રહ્માંડનો રચનાર તમારી મનવાંચ્છના પૂર્ણ કરવાને બીલકુલ વિલંબ કરશે નહિ. અસ્તુ.

સદાકાળ રાત્રી અને દિવસ સ્વાત્મોન્નતિ માટે પ્રભુ પ્રાર્થના કરતાં કદી પણ ચુકતા નહિ.

"પ્રભુ પ્રત્યે જ્ઞાતિના કલ્યાણની માગણી કરતાં જનસમાજના કલ્યાણની પવિત્ર યાચના શુદ્ધ હૃદયથી કરજો." કારણ જનસમાજના કલ્યાણમાંજ આપણું કલ્યાણ છે. પ્રિય પાઠકવર્ગ અનંત કોટી બ્રહ્માંડાધીશ તમને સદ્બુદ્ધિ આપે અને સતકર્મ કરવાની પ્રેરણા કરે એજ તે મહાન્ પીતા પ્રત્યે મ્હારી શુદ્ધ હૃદયથી નમ્ર યાચના છે. જો આ લેખ તરફ વાંચકવર્ગની અમિદ્રષ્ટી જણાશે તો તો ભવિષ્યમાં પણ યથાશક્તિ સેવા બજાવવાનો વિચાર છે.

બીડી નહિ પીવાનો ઠરાવ.

તમાકુ પીવાથી, ખાવાથી, તથા સુંઘવાથી વિધવિધ વ્યાધિઓ થાય છે. એ હવે સર્વ ઠેકાણે સિદ્ધ થઈ ચુકયું છે. તે છતાં માત્ર દેખાદેખીને ખાતર આ ટેવ ઘણીજ વધી છે. આઠ દશ વર્ષના છોકરાઓ પણ બીડી પીતા જોવામાં આવે છે. આથી તેમનું કોમળ કાળજું બળે છે. આમ હોવાથી આપણી જ્ઞાતિ તરફથી આ બીડી ન

પીવાનો રિવાજ નીકળવો જોઇએ. જો તેમ ન બને તો ૧૫ વર્ષની અંદરના છોકરાઓએ તો તે નજ પીવી એવો ઠરાવ બહાર પાડવાની જરૂર છે.

ઉપસંહાર.

આ સર્વ રિવાજો આપણામાં ઘણા હાનિકારક હોવાથી તેને કાઢી નાખવા હું જ્ઞાતિના શુભેચ્છકોને અરજ કરૂં છું. અને ઉપસંહાર કરતી વખત જણાવું છું કે:—

૧ આ દુષ્ટ રિવાજ આપણી જ્ઞાતિમાં અટકાવવા પ્રયત્ન કરી દર વર્ષે એક કોનફરન્સ ભરવી અને ત્યાં સમગ્ર જ્ઞાતિબંધુઓએ એકત્ર થઇ આપણે કેટલા આગળ વધ્યા તેનો વિચાર કરવો.

૨ સારા વાંચનથી આપણા મગજ ઉપર ઘણી ઉત્તમ અસર હોવાથી દરેક ગામમાં સારાં પુસ્તકો અને વર્તમાનપત્રોની લાયબ્રેરીઓ સ્થાપવી.

આપણી જે જે ગામમાં વસ્તી હોય ત્યાં એક પાઠશાળા સ્થાપવી અને જો તે અનુકૂળ ન હોય તો એક મકાન ભાડે રાખી તેમાં દર અઠવાડીએ ભેગા મળવાનો વિચાર રાખવો અને ત્યાં જ્ઞાતિહિતની બાબતો ચર્ચવી. છેવટમાં એટલુંજ જણાવીશ કે આ લઘુ પુસ્તકમાં લખેલા રિવાજો માત્ર વાંચીને રહેવા ન દેતાં તેને આચારમાં ઉતારવા માંડયા તોજ મારા આ શ્રમનું સાર્થક થશે.

સ્ત્રીઓને સામાન્ય ઉપદેશ.

આપણી જ્ઞાતિની સ્ત્રીઓને પોતાના કર્તવ્યમાં જાગ્રત થવા નીચે પ્રમાણે તેમને સામાન્ય ઉપદેશ અપાય છે:—

જેમ રાજાનો પ્રધાન સત્યવક્તા, સુનિતિને રસ્તે જનાર, યોગ્ય

ઈનસાફ આપનાર અને કેળવણી ખાતુ, પોલીસ ખાતુ, ન્યાયખાતુ, વિગેરે ખાતાંની દેખરેખ રાખનાર અને તે ખાતાંનુ સુવ્યવસ્થિતપણું જળવાઇ રહે માટે હમેશાં તેતે ખાતાંની દિવસમાં એક વખત, મુલાકાત લેનાર હોય તો રાજાના રાજ્યમાં પ્રજા નિરંતર સુખી રહે છે અને રાજા પ્રજાની પ્રીતિ મેળવી શકે છે. તેમ સ્ત્રી એ ઘરનો પ્રધાન છે માટે સ્ત્રીએ પોતાના ઘરની સુવ્યવસ્થા બરોબર રીતે જાળવી રાખવી જોઇએ. જો સ્ત્રી પોતાના ઘરની વ્યવસ્થા બરોબર રીતે રાખતી નથી તો ધણી ગમે તેટલું કમાયા છતાં તેની કમાણીમાં કોઇપણ જાતનો બચાવ થતો નથી. ધણી ગમે તેટલું કમાઇને લાવે પરંતુ સ્ત્રી યોગ્ય રીતે દ્રવ્યનો સદુપયોગ ન કરે તો તેની સ્ત્રી વાસ્તવીક રીતે ગૃહિણી કહેવાતી નથી. ઘરમાં દરેક વસ્તુ સુવ્યવસ્થિતપણે રાખવા માટે વિવેકી સ્ત્રીએ સવારમાં વેહેલાં ઉઠી પ્રભુના નામનું સ્મરણ કરી પરમાત્મારૂપ પોતાના પતિનાં મુખનાં દર્શન કરી શૌચાદિ નિત્યકર્મથી પરવારી નાહીધોઈ પ્રભુના નામનો યથાશક્તિ જપ કરવો એ ઇષ્ટ છે. પછી રસોઇ આદિ તૈયાર કરી પોતાના પતિને જમાડી જમવું જોઇએ. રસોઇ કરતાં કરતાં શાક કે દાળ ચાખવાની કુટેવ પડી હોય તો તેનો ત્યાગ કરવો જોઇએ. રસોઇના કામમાંથી પરવારી બપોરના સમયે તેણે પોતાના હૃદયને પુષ્ટ કરે એવાં પુસ્તકો વાંચવાં જોઇએ. કેટલીક સ્ત્રીઓ જમી રહ્યા પછી અને પોતાનો ધણી ધંધાર્થે બહાર ગયો હોય તે પછી પોતાના સમયનો સદુપયોગ કરતી હોય તો તે સ્તુતિપાત્ર છે, પરંતુ પોતાના સમયનો સદુપયોગ નહિ કરતાં સમયનો દુરૂપયોગ કરે એ ઇચ્છિવા યોગ્ય નથી. કેટલીક સ્ત્રીઓ બપોરની વખતે પાડોશીના ત્યાં જઇ પગ ઉપર પગ ચઢાવી બીજાઓની કુથલી કરતી હોય, કેટલીક સ્ત્રીઓ વિના કારણે બીજાઓને માંહોમાંહે ટંટો થાય

એવા હેતુથી એકબીજાને સાચુંજુઠું કરવાનો ધંધો લઇને બેઠી હોય, અને કેટલીક સ્ત્રીઓ નાતનીજ વાતો કરવામાં રસીયણ હોય તો તેવી પ્રવૃત્તિ કરવી એ સ્ત્રીઓ માટે દયાજનક છે. શું આપણી સ્ત્રીઓને આવા ધંધા કરવા માટેજ પ્રભુએ તેને અવતાર આપ્યો હશે ! આપણી સ્ત્રીઓને એટલું બધું કામ કરવાનું છે કે જો તેઓ દિવસના ૧૨ કલાક કામ કરે તો પણ તેઓના કામનો પાર આવે એવો નથી. જો તેઓ ઝીણી નજરે જુએ તો પોતાના ઘરમાંજ કેટલું બધુ કામ પડી રહ્યું છે તેનો અનુભવ તેમને થયા વગર રહે નહીં. ઘરનાં વાસણો સ્વચ્છ રાખવાં જોઇએ, ઘરમાં ભરેલું અનાજ બરોબર રીતે સ્વચ્છ પાત્રોમાં નંખાયું છે કે નહિ તે તપાસવું જોઇએ, અનાજમાં કઇ જીવજંતુ પડયાં છે કે કેમ તે જોવું જોઇએ, દર પંદરે દિવસે ઘરમાં રાખેલા અનાજને કોઠીઓમાંથી બહાર કાઢી તેને ઝાટકી તેના ઉપર દિવેલનો હાથ દઇ તેને કોઠીઓમાં ભરવું જોઇએ, લોટા થાળીઓ તથા બીજાં વાસણો ઉપર ઉંદરડા મુતરી ગયા હોય તો તેવાં વાસણો ફરીથી ઉટકી સ્વચ્છતાથી ઉંચાં મૂકવાં જોઇએ અને ખૂણે ખોચરે કચરો પડયો હોય તો તે કચરો ત્યાંથી કાઢવો જોઇએ. પોતાના ઘરમાં કેટલાં તપેલાં, કેટલી થાળીઓ, કેટલી વાટકીઓ, કેટલા લોટા, કેટલાં ગોદડાં, કેટલા પાટલા, કેટલી છરીઓ, કેટલા સોનારૂપાના દાગીના તથા બીજો કેટલો ઘર ખટલો છે તેની જો બની શકે તો નોંધ રાખવી અને દર મહિને આ નોંધ પ્રમાણે પોતાનાં વાસણો વિગેરેનો મેળ મેળવી જોવો. આમ કરવાનું કારણ એટલુંજ છે કે કોઇને પણ પોતાના ઘરમાંથી વાસણો વગેરે આપ્યાં હોય અને સામી સ્ત્રી ભૂલથી કે લુચ્ચાઇથી તે વાસણો આપણને પહોંચતાં કરાવે નહિ તો વાસણનો મેળ તપાસતી વખતે સામાને આપેલાં વાસણોની સ્મૃતિ

થઇ આવે. માટે બની શકે તો સ્ત્રીઓએ પોતાના ઘરની ચીજોની નોંધ રાખવી. આ પ્રમાણે ઘરની સુવ્યવસ્થા રાખવા ઉપરાંત સ્ત્રીઓએ પોતાને શોભા આપે એવા ગુણ ગ્રહણધારણ કરવાની જરૂર છે.

શાસ્ત્રમાં પતિનેજ પરમાત્મા કહેલા છે. માટે સુજ્ઞ સ્ત્રીએ પોતાના પતિને હરેક પ્રકારે ખુશ રાખવા. પોતાના પતિ નાખુશ થાય તેવું તેણે ભૂલથી પણ વર્તન ન કરવું, પતિના મિત્રોને પોતાના સહોદર ગણી તેમના તરફ સામાન્ય પ્રેમ રાખવો, પતિના શત્રુઓના તરફ દૃષ્ટિ પણ ન કરવી, જે ઘેર જવાથી આપણું અપમાન થાય તેવા ઘેર જવું નહિ. પોતાની સાસુની તથા સસરાની આજ્ઞામાં હમેશાં રહેવું, બહુ વસ્ત્રાલંકાર ધારણ કરવાની લલુતા રાખવી નહીં, કોઇ પુરુષ દેખે એમ મળમૂત્રનો ત્યાગ કરવા ન બેસવું, બીજા પુરુષ તરફ રાગવાળી દૃષ્ટિ કરવી નહિ, બીજા પુરુષ સાથે સંકેતવાળી ભાષા બોલવી નહીં, મોટે સ્વરે બોલવું નહીં. ખડખડીને હસવું નહિ અને પિયરમાં બહુ રહેવું નહીં. આ પ્રમાણે પોતાને શોભા આપે એવા સદ્ગુણો ગ્રહણ-ધારણ કરવા. જે ઘરમાં સ્ત્રીઓ આવા સદ્ગુણો ધારણ કરે છે તે ઘરમાં દેવતાઓ આવીને તેવી સતી સ્ત્રીઓનાં દર્શન હમેશાં કરી જાય છે. માટે સ્ત્રીઓએ સતી થવાનો પ્રયત્ન કરવો. સારા સદ્ગુણો પ્રાપ્ત કરવાથી સતી થવાય છે અને દુર્ગુણો પ્રાપ્ત કરવાથી અસતી થવાય છે. માટે સતી થવાનો પ્રયત્ન કરવો. સ્ત્રીઓ સારા વર્તનવાળી હોય છે તો ઘરમાં દ્રવ્યની રેલમછેલ થઇ રહે છે અને સ્ત્રીઓ દુરાચરણી હોય છે તો ઘરમાંથી લક્ષ્મીનો નાશ થાય છે. માટે પોતે અને પોતાની સંતતિ દરેક પ્રકારે સુખી થાય અને અંતે પ્રભુના પદને પમાય એ ઉદ્દેશ સ્મરણમાં રાખી સદ્વર્તનશાળી થવું અને પોતાનો પંચાલ સુતાર જ્ઞાતિમાં લીધેલો જન્મ સફળ કરવો.

રજસ્વલા સ્ત્રીઓને પાળવાના નિયમો.

ઘણું કરીને સ્ત્રીઓને ૧૩ મા વર્ષથી પચાસ વર્ષ સુધી પ્રત્યેક માસે રજસ્વલાપણું પ્રાપ્ત થાય છે. સ્ત્રીઓ રજોદર્શનના ત્રણ દિવસ સુધી અપવિત્ર ગણાય છે. ચોથે દિવસે નાહ્યા પછી ઘરમાં સ્પર્શ કરવા યોગ્ય શુદ્ધ થાય છે તથા પાંચમે દિવસે સ્નાન કર્યા પછી દેવપૂજનાદિ પુણ્ય કરવાને તે યોગ્ય થાય છે.

રજસ્વલા સ્ત્રીએ જો બની શકે તો પેહેલા ત્રણ દિવસ સુધી કોઇને પોતાનું મુખ બતાવવું નહિ, કોઇની સાથે વાતચીત કરવી નહિ, શરીરે તેલ ચોળવું નહીં, ફૂલ કે અલંકારો ધારણ કરવાં નહિ, આંખે મેશ કે સૂરમો આંજવો નહિ, શરીરે ચંદન લેપન કરવું નહિ, કપાળમાં કંકુનો ચાંલ્લો કરવો નહિ, વાળ ઓળવા નહિ, દાતણ કરવું નહિ, સ્નાન પણ કરવું નહિ, રોવું કે આંસુ પાડવાં નહિ, થાક લાગે એવું કામ કરવું નહિ, જમીન ખોદવી નહિ, નખ કાપવા નહિ, ને દોડવું કે હસવું નહિ. દૂધ, ખાટા પદાર્થો કે વાયુ વધારનારા પદાર્થો ખાવા નહિ, ચોથે દિવસે નાહી પોતાના દેહની શુદ્ધિને માટે ગાયનું છાણ, ગાયનું મૂત્ર, દૂધ, દહીં, અને ઘી એકઠું કરીને પીવું. નાહ્યા પછી પહેલું પોતાના સ્વામી વિના બીજા કોઇનું મુખ જોવું નહિ.

ગર્ભિણી સ્ત્રીના નિયમો.

ગર્ભિણી સ્ત્રીએ સદા આનંદમાં રહેવું. બની શકે તો નિત્ય નવાં નવાં વસ્ત્રો તથા અલંકાર ધારણ કરવાં, પવિત્ર રહેવું. હલકા, નરમ ઘીવાળા ને જઠરાગ્નિને પ્રદીપ્ત કરે તથા વેહેલા પાચન થાય એવા પદાર્થોનો આહાર કરવો. અતિશય ખાટા, તીખા, ખારા, ઉના, વાસી, સૂકા, કઠોર અને કાચા મેવા તથા પાચન થતાં પીડા કરે એવા પદાર્થો ખાવા નહિ. બહુ જમવું નહિ, તેમ ભૂખ્યાં પણ રહેવું નહિ. ઘણો શ્રમ થાય એવાં કામ કરવાં નહિ. પતિની શય્યામાં સૂવું નહીં; જાગ-

રણ કરવું નહીં; શોક કરવો નહીં. વાહન ઉપર બેસવું નહીં; ભયંકર સ્થાને જવું નહિ, ને તેવા પદાર્થો જોવા નહિ. પોતાના ગર્ભનું સંરક્ષણ થવા સારુ નિત્ય સવારે અને સાંજે શ્રી સદાશિવની સ્તુતિ કરવી.

વિધવા સ્ત્રીઓના ધર્મ.

વિધવા સ્ત્રીએ ચોટલો રાખવો નહિ. ચંદન કે ફૂલ ધારણ કરવાં નહિ. સોના રૂપાનાં ઘરેણાં પહેરવાં નહિ: રંગિત વસ્ત્ર પહેરવાં નહિ. કાંસાના વાસણમાં જમવું નહિ. બે વખત ભોજન કરવું નહીં. આંખો આંજવી નહીં. પલંગપર સૂવું નહીં. ભૂમિપર ગાદલું ગોદડું કે ચટાઇ પાથરી તે પર સૂઇ રહેવું, ને શરીરે તેલ ચોળવું નહીં. નિત્ય નાહીને ધોળાં વસ્ત્ર પહેરવાં. ક્રોધને જીતવો, અને ઇંદ્રિઓને વશ રાખવી. કૃચ્છ્ર-ચાંદ્રાયણ આદિ વ્રતો કરવાં. વૃદ્ધ સ્ત્રીઓના સહવાસમાં રહેવું. શૃંગાર-રસનાં પુસ્તકો વાંચવાં નહિ, જેનાથી પોતાને સંસારપર અરૂચિ થાય, ઉદાસી ઉપજે, તથા વૈરાગ્ય થાય એવા બોધક ગ્રંથો વાંચવા સાંભળવા, અને અખંડ બ્રહ્મચર્ય પાળી ઇશ્વર ભજનમાંજ દિવસો નિર્ગમન કરવા. મારા મિત્ર રા. મણિલાલ મગનલાલ ત્રીવેદીએ વિધ-વાની નૌકા એ નામનું પુસ્તક બનાવ્યું છે તેમાં સ્ત્રીઓને મનન કરવા લાયક બે કવિતાઓ મને સારી જણાઇ છે તે આપણી જ્ઞાતિની સ્ત્રીઓના શ્રેય માટે આ સ્થળે પ્રગટ કરૂં છું.

નિર્મળ અંતઃકરણની વિધવાના ઉદ્ગારો.

સીતાજીના મહિનાનો રાગ.

મારા હૃદયતણા આધાર, નમેરા કયમ થયા;
દિન દાસીને ભવની માંય, ત્યજી તમે ગયા ? ૧
નથી મારૂં હવે ભવમાંય, નજીકનું કોઇ સગું;
વિના ઇશ દયાળુ તાત, હવે હું કેમ રહું ? ૨
મારા મસ્તકના શુભતાજ, પ્રતિજ્ઞા હું લઉં;

થાય નિજ સ્વરૂપનું જ્ઞાન, તવ ભોજન ગ્રહું. ૩
ખાનપાનથી થઇને દૂર, જપું મારા નાથને:
શુભ ધર્મ પતાકા હાથ, ગ્રહું આજ આજને. ૪
આ દ્રશ્ય પ્રપંચની માંય, ફસાઇ નારીઓ;
ભૂલભૂલવણી કોણ, દેખાડે બારીઓ. ૫
કંઇક જોબન મદની માંય, ત્યજી નિજ ધર્મને;
પુનર્લગ્ન કર્યાં છ ચોક, મેલી લાજ શર્મને. ૬
અન્ય પુરુષને દઇ તન, ખુશી કો થાય છે;
નીચ કર્મ કરી કો નાર, મન મલકાય છે. ૭
થઇ જોબનમાં ઉન્મત્ત, ધર્મ બુડાડવા;
કેરે કૃત્રિમ ધર્મના ઢોંગ, ઉપરથી બતાવવા. ૮
પુનર્લગ્નતણું ઉત્પન્ન, ડુબાવે દેશને;
ધર્મહીન પ્રજાનું સૈન્ય, આપે ક્લેશને. ૯
માટે ધિક્ તે આર્યની બાળ, ત્યજ્યો નિજ ધર્મને;
કર્યું હોંસથી પુનર્લગ્ન, સંતોષવા ચર્મને. ૧૦
હો અંતર્યામી શ્રીનાથ, અમારી વારે ચડો;
થાય શ્રેષ્ઠ સતી ઘેર ઘેર, ન ધર્મે પેસે સડો. ૧૧
નિજ ધર્મ પાળે સઉ નાર, પતિહીણ સહપતિ;
હોય સધવા કે વિધવા નાર, રક્ષો તેને શ્રીપતિ. ૧૨
ડુબ્યા વર્ણાશ્રમના ધર્મ, ખોટા શુષ્કજ્ઞાનથી;
આર્યોતણી માઝા લોપાઇ, પુનર્લગ્નથી. ૧૩

રાગ દેશ.

આવો શાણી બહેનો સાથે આપણે ચાલીએરે;
ધર્મતણું તો જ્ઞાન લઇને, શ્રેષ્ઠ સતીને શરણે જઇને,
પ્રેમે મળવા પ્રભુને હસ્તક આપીએ રે. આવો૦ ૧

પુનર્લગ્નની રીતી ત્યજીને, શુદ્ધ ભાવે શ્રીહરિને ભજીને,
સતીપણાને શ્રેષ્ઠ ઝુંડો ઉઠાવીએ રે. આવો૦
વિષયમાં શું સુખ બળ્યું છે, પળપળ ગણતાં સર્વે ગયું છે,
પાપી કામ ને ક્રોધ લોભને મારીએ રે. આવો૦
ધર્મતણા શુભ માર્ગે વળીને, આંતર શત્રુ દૂર કરીને,
જપતણા અભ્યાસમાં મન લગાડીએ રે. આવો૦
સતશાસ્ત્રોએ જે વર્ણવ્યું છે, સ્ત્રીઓ માટે જેજે કહ્યું છે,
શાસ્ત્રોતણાં વચનોમાં શ્રદ્ધા રાખીએ રે. આવો૦
રાજામાં નૃપતિ ગણાએ, સ્ત્રીઓ મધ્યે સતી મનાએ,
સાધનમાં શ્રદ્ધાને ઉત્તમ માનીએ રે. આવો૦ ૬.
સાત્વિકી શ્રદ્ધા ઉરમાં ધરીને, જપથી હૃદયને શુદ્ધ કરીને,
હૃદયાકાશે વૃત્તિને સ્થિર રાખીએ રે. આવો૦ ૭
અવનિ ચંદ્ર દિસે છે તારા, વિજળીના થાયે ચમકારા,
મિથ્યા જાણી મનથી અળગા કાઢીએ રે. આવો૦ ૮
મનથી સર્વે દૂર કરીને, હૃદય કમળમાં વૃત્તિ ધરીને,
શાંત પ્રભુના દિવ્ય સ્વરૂપને ભાળીએ રે. આવો૦ ૯
હોહલાં દર્શન પ્રભુનાં કરોએ, સોહં સોહં મનમાં જપીએ,
જન્મ મરણનો ફેરો પ્રીતે ટાળીએ રે. આવો૦ ૧૦

આપણી જ્ઞાતિની વિધવા અને સધવા બેહેનો આ લેખ અને કવિતાઓનો આશય સમજી, તે પ્રમાણે વર્તી, આલોક પરલોકનાં સુખ ભોગવો તેમજ આપણા જ્ઞાતિબંધુઓ આ લેખમાં જણાવ્યા પ્રમાણે વર્તન કરો એજ શ્રીઈશ્વરપ્રતિ નમ્ર યાચના.

ચુનીલાલ ખીમચંદ મારફતિયા.
બરાનપુરી ભાગોળ—સુરત.